શ્રી

સતી શ્રીમતી

નાટકનાં ગાયનો.

રચનારઃ શ્રીપત મગનલાલ માસ્તર-સુરત.

—: છપાવી પ્રસિદ્ધ કરનાર :—

ઘેલાભાઈ દોલતરામ દલાલ.

એજંટઃ-શ્રી નવીન દેશી નાટક કંપની લીમીટેડ

—: પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું :—

પ્રીન્સેસ થીએટર સ્ટેશનરોડ-સુરત.

સવંત ૧૯૭૫ આવૃત્તિ ૧લી પ્રત ૧૦૦૦ સને ૧૯૧૯

કિંમત ૦-૩-૦ (ત્રણ આના).

" આ નાટક રચવામાં મ્હારા પરમ સ્નેહી મીત્ર મી• બાબુભાઈ જીવણચંદ ઝવેરીએ જે અમુલ્ય સહાય આપી છે ત્હેને માટે હું ત્હેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું."

તા૦ ૮-૧૦-૧૯. શ્રીપત, એમ, માસ્તર.

શા. ખુ. બ. ના ધી સુરત 'જૈન' એન્ડ ઝવેરી પ્રીન્ટીંગ પ્રેસમાં
અંબાશંકર નરભેરામ વ્યાસે છાપ્યું ઠે. ખપાટીયા ચકલા-સુરત.

મુખ્ય પાત્રોના નામ.

ભદ્રેશ્વર......................એક મહાત્મા યોગેન્દ્ર.

મનોજકુમાર..............રત્નપુરનો રાજ્યકુમાર.

વનરાજ.........................ત્હેનો મિત્ર.

દુષ્ટકેતુ......................લંપટ અહંકારી દાનવ સરદાર.

વૃક્ષકેતુ
પાતાળકેતુ } ....ત્હેના નીચ સલાહકારો.

અમરકેતુ..................દુષ્ટકેતુનો ધર્મિષ્ટ કાકો.

વિજયસિંહ...................વસંતપુરનો રાજા. શ્રીમતીનો પિતા

અર્થદાસ.........................એક લોભી તવંગર શેઠીઓ.

રામજી.........................ખોટી પોઝીશનવાળો મવાલી
અર્થદાસનો નોકર.

ચંદ્રક.........................રામજીનો મવાલી મીત્ર અને
અને મ્યુઝીક ટીચર.

બીહારી......................શાનાનો "લવર"

શ્રીમતી........................વિજયસીંહની પુત્રી- મનોજની
હૃદય દેવી.

પદમાવતી..................વનરાજની પત્નિ.

ચંદ્રકળા..................દુષ્ટકેતુના દરબારની નાયકા.
નવેલી.......................અર્થદાસની ફેશનેબલ સ્ત્રી.
ભાના.......................અર્થદાસની પહેલી સ્ત્રીની પુત્રી.
સુશીલા.....................મવાલી રામજીની સ્ત્રી.
નસીબદેવી, શિયળદેવી, રાક્ષસો, ભૂતો, દાસીઓ,
વિગેરે વિગેરે.

સ્થળઃ—રત્નપુર, વસંતપુર.

॥ श्री शान्तिनाथाय नमः ॥

श्री

સતી શ્રીમતી નાટકનો ટુંકસાર.

અંક પહેલો.

મંગલાચરણ—સૂત્રધાર અને નટી. નાટ્ય વસ્તુ સૂચન.

પ્રવેશ પહેલો—સ્થળ દાનવ દુષ્ટકેતુની ગુફા—દુષ્ટકેતુ તથા તેના ખુશામતી સરદારોના પોતાની મેળવેલી કીર્તિના વખાણ. નાચરંગ. દેવીના ભોગાર્થે ગએલા અનુચરોનું મહાત્મા ભદ્રેશ્વરને ભોગ તરીકે લઇને આવવું. મહાત્માનો સદુપદેશ. પત્થરપર પાણી. દેવીને મહાત્માનો ભોગ આપવા તૈયારી. મહાત્માનો ચમત્કાર અને દાનવોનું દીંગમૂઢ થવું. "ટેબ્લો."

પ્રવેશ બીજો—પોલીશનમાં લીન થયેલા રામજીભાઈ અને ત્હેની પત્નિ સુશીલા વચ્ચેનો ગૃહસંસાર. તેના મવાલી અને દારૂડીયા દોસ્ત ચંદ્રકનું આવવું. વાતચીત. છાપામાં વોન્ટેડની જાહેર ખબર વાંચી બંનેનું નોકરી માટે જવા નીકળવું. રંગરાગ અને ગમ્મત......

પ્રવેશ ત્રીજો—મનોજકુમાર તથા તેનો મિત્ર વનરાજ. ઉભય વચ્ચે ગુરૂભક્તિ વિષે સંવાદ. વનરાજનું આહાર

માટે ફળફુલ લેવાં જવું. કુમારનું વિશ્રાન્તી માટે શિવાલય તરફ જવું........

પ્રવેશ ચોથો—શિવાલય. રાજકુમારી શ્રીમતી તથા સાહેલીઓ. પ્રેમચેષ્ટા. શિકારે નીકળેલા દાનવ દુષ્ટકેતુનું આવી પહોંચવું. શ્રીમતીને જોઈ મોહાંધ થવું. બળાત્કારની તૈયારી. બાળાનો મદદાર્થે પોકાર. મનોજકુવારનું આવી પહોંચવું. દુષ્ટકેતુ તથા કુમાર વચ્ચે યુદ્ધ. દુષ્ટકેતુનું ન્હાસી જવું. શ્રીમતી તથા કુમાર વચ્ચે પ્રથમ પ્રેમ દર્શન........

પ્રવેશ પાંચમો—વનરાજનું કુમારનું પત્ર વાંચતાં નીકળવું. વેરની ધુનમાં સરદાર દુષ્ટકેતુ તથા ત્હેના નીચ મદદગારોનું આવવું. વનરાજનું છુપાઈ સાંભળવું. પાપીની પાપમય યોજનાઓ. વનરાજની કુમારના બચાવ માટે જવા તૈયારી. કુમારનું આગમન. વનરાજે પાપીનો સંકેત જણાવવો. કુમારનો શોક. મહાત્માનું આવી પહોંચવું. કુમારને ધૈર્ય અને શ્રીમતીને બચાવવાનું પોતે માથે લેવું........

પ્રવેશ છઠ્ઠો—લોભી અર્થદાસને ત્યાં નોકરીએ રહેલા રામજીભાઇનો નોકરી વિષે બળાપો. શેઠનું આવવું. દાસની ગંજી બળી જવાની ખબર મળવી. શેઠની હૈદ્રાબાદ જવા તૈયારી. શેઠાણી નવેલીનું આવવું. મદ

ઘેલી નવેલીના લોભી શેઠને ઉડાઉ જવાબો. નવેલી ત્થા રામજી વચ્ચેના નીચ વ્યવહારનું મંગલાચરણ. આવકી છોકરી ભાનાનું આવી પહોંચવું નવી માતાને સદુપદેશ........

પ્રવેશ સાતમો—કેદખાનું. નિર્દોષ શ્રીમતી ત્થા લંપટ દુષ્ટકેતુ, પ્રેમ યાચના, લાલચો આપી સમજાવવી. શ્રીમતીનો પાપીને બોધ. પત્થરપર પાણી. વિષયાંધ દુષ્ટકેતુની બળાત્કાર કરવા તૈયારી. દિવાલોનું ફાટવું અને ચમત્કારીક રીતે મહાત્માને હાથે શ્રીમતીનો બચાવ. શિયળદેવીનું પ્રાગટય.

"ટેબ્લો."



અંક–બીજો

પ્રવેશ પહેલો—દાનવોની છાવણી. નાચરંગ. શ્રીમતીના થએલા બચાવ માટે દુષ્ટકેતુનો અફસોસ. ત્હેના ધર્મશુકલ કાકા અમરકેતુની સતીને નહિં રંજાડવાં શિખામણ દુષ્ટકેતુનું ગુસ્સે થઈ અમરકેતુને રાજ્ય છોડી ચાલ્યા જવાનું ફરમાન. અમરકેતુનો રાજ્ય ત્યાગ અને શ્રીમતીને સપડાવવા વૃક્ષકેતુને મોકલવો.

પ્રવેશ બીજો—ચંદ્રકના પંજામાં સપડાયેલી ભાનો ત્યાં તેના લવર બીહારીનું તેને છુપા મળવા આવવું. ભેદનું જાણવું. બીહારીએ પોતે ભાનાનો વેશ ધારવો. ચંદ્રકનું આવવું. વેષ ધારી બીહારી પર આસક્ત થવું. ભેદનું ખુલવું. એટલામાં શામજીનું આવી પહોંચવું. અને ચંદ્રકનાં ફજેતા થી વાકેફ થવું. પરતંત્ર પ્રેમથી કંટાળેલી નવેલીનું ત્યાં આવવું. સ્વતંત્ર વિલાસ કરવા શેઠના ઘરની માલમીલ્કત લઇ પલાયન થઈ જવા ચંડાળ ત્રિપુટીનો નિશ્ચય,

પ્રવેશ ત્રીજો—વસંતોદ્યાન શ્રીમતી ત્થા મનોજ. વનરાજનું આવવું. રાજ્ય માતાનો સંદેશો કહેવો. માતૃ

બાકત કુમારે વનાજને શ્રીમતીની સોંપણી કરી જવું પ્રપંચી દાસીએ કુમારના દાનવોને હાથે સપડાયાના ખોટાં સમાચાર શ્રીમતીને આપવાં શ્રીમતીએ વનરાજ ને કુમારની વ્હારે જવાં સૂચના વનરાજની તેને એકલી મુકી નહિં જવા વિનંતી સ્ત્રી હઠ વનરાજનું જવું શ્રીમતીનું બેભાન થવું. દાનવ વૃક્ષકેતુનું પ્રવેશવું. સતીના પ્રભાવથી પાપી પિશાચનું એક ધર્માવતારમાં બદલાઇ જવું. બાજી બગડેલી જોઈ દાસીએ દુષ્ટકેતુનું આવી પહોંચવું. ઉભય વચ્ચે યુદ્ધ. —:ટેબ્લો:—

પ્રવેશ ચોથો—ધર્મયુક્ત અમરકેતુ દુષ્ટકેતુના પાપી કાર્યો માટે બળાપો અને પોતાનું અલ્પ આયુષ્ય મહાત્મા ભદ્રેશ્વરના ચરણ કમળમાં ગાળવાનો નિશ્ચય કુમારની શોધમાં નીકળેલા વનરાજનું આવી પહોંચવું. અમર કેતુને દાનવ મદદગાર ધારી બાણ ફેંકવાની તૈયારી ભેદનો ખુલાસો પ્રેમ ઘેલા મનોજનું આવવું વનરાજ નું કુમારને આશ્વાસન અને શ્રીમતીની વ્હારે જવાં વનરાજની પ્રચંડ પ્રતિજ્ઞા.

પ્રવેશ પાંચમો——વનરાજની પત્નિ પદ્માવતિની વિરહા વસ્થા વનરાજનું આવવું. હાસ્ય વિનોદ પદ્માવતિને કૃત્રિમ નાયકાનો વેશ ધારણ કરી દુષ્ટકેતુને મોહ

જળમાં નાંખવાની સૂચના શ્રીમતીને દુષ્ટકેતુના પંજામાંથી મુક્ત કરવાની પ્રેરણા.

પ્રવેશ છઠ્ઠો—ઘાસની ગંજી બળી જવાથી તથા નવેલીની માલમીલકત લઈ ન્હાસી જવાથી ખાલી થઇ ગયેલા અર્થદાસનો ગભરાટ ભાનાને બુઢ્ઢા નાગજી સાથે રૂપીઆ લઇ પરણાવવાનો નિશ્ચય વેશ ધારી બીકુડાનું નાગજી બની આવવું લગ્ન થવાં. ઘોટાળો ભેદનો ખુલાસો શેઠની વિમાસણ સસરા જમાઈનું શુરૂ ચેલા બની નવેલીની શોધમાં નીકળવું.

પ્રવેશ સાતમો—કિલ્લો કેદી શ્રીમતી તથા નીચ દુષ્ટકેતુ પિશાચી પ્રેમયાચના કૃત્રિમ નાયકાનો વેશધારી પદ્માવતિનું આવવું દાનવોને મોહપાસમાં નાંખી મદિરા મસ્ત કરવાં છુપા વેશે વનરાજનું આવવું. શ્રીમતીને છુપી રીતે ઉપાડી જવી ગમ્મત પદ્માવતીનું લાગ જોઈ ન્હાસી છુટવું. દાનવોનું પાછળ પડવું પુલનો દેખાવ પુલનું તુટવું મહાત્માથી બચાવ.

—:ટેબ્લો:—

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો—વનરાજ તથા શ્રીમતીની શોધમાં નીકળેલી પદમાવતી. શ્રીમતીની પાછળ પડેલા દુષ્ટ કેતુ વિગેરેનું આવી પહોંચવું. ચંદ્રકળાના વેશમાં આવેલી પદમાવતીને ઓળખી કહાડવી. નિર્દોષ બાળાપર શ્રીમતીનો પત્તો બતાવવાનો જુલમ. મહાત્માનું આવવું. અને પદમાવતીનો બચાવ.

"ટેબલો"

પ્રવેશ બીજો—વિરહાવસ્થામાં મનોજકુમાર. શ્રીમતીની ભ્રમણા. ઉદગારો. નસીબદેવીનું પ્રાગટ્ય આશ્વાસન અને વરદાન. પાણી માટે ઝંખના. રસ્તે થઇ દુષ્ટ લઈ જતાં વનરાજની છાવણીનાં અનુચરનું નીકળવું. મનોજનું તરસ છીપાવવા માટે કાષ્ટ ઉંચકી સાથે જવું. ભાવિની વિલક્ષણતા..........

પ્રવેશ ત્રીજો—યોગીની શ્રીમતી. શોકાલાપ. વનરાજથી સાન્ત્વન. નગર તરફ પ્રયાણ કરવાની તેયારી. ત્યાં અનુચર ત્થા મનોજનું આવી પહોંચવું. શ્રીમતીથી સંવાદ. કુમારે પોતાનું દુ:ખમય વૃત્તાંત કહી સંભળાવવું. પરસ્પર ઓળખાણ. વનરાજનું આવી મળવું. અમરકેતુનો સંદેશો. ક્ષત્રિયની મદદે જવા ક્ષત્રિયનો નિશ્ચય. સઘળાનું રણભૂમી પ્રતી પ્રયાણ.

પ્રવેશ ચોથો—શોધમાં નીકળેલા ગુરૂ અને ચેલા. ઘંટનાદ કરી પુરૂષોને ભેગાં કરવાં. ગુરૂનું દાંભિક ભાષણ. પતીની શોધમાં નીકળેલી સુશીલાનું ગુરૂ ચરણે આવવું. આશ્વાસન. દુર્બળ સ્થિતિમાં આવી પડેલી નવેલીનું પાણી ભરવા આવવું. પસ્તાવું. ગુરૂને હાથ બતાવવો. દારૂમસ્ત રામજી અને ચંદ્રકનું માલમતાને માટે લડતાં લડતાં આવવું. ચંદ્રકનું અકળાઇને મરણ પામવું. રામજીનું નવેલીને મારવાં જવું. ગુરૂનું ખુલ્લાં થવું. રામજીનો પશ્ચાતાપ. સુશીલાના આગ્રહથી રામજીને માફી આપવી. નવેલીનો પશ્ચાતાપ. સર્વના આનંદ સાથે પ્રહસનનો અંત.

પ્રવેશ પાંચમો—રણભૂમી. દાનવ દુષ્ટકેતુ તથા શ્રીમતીના પિતા વિજયસીંહ વચ્ચે પ્રચંડ યુદ્ધ. વિજયસીંહ કેદ પકડાવવાની તૈયારીમાં. મનોજ તથા વનરાજ વીગેરેનું આવી પહોંચવું. વિજયસીંહનો બચાવ. દુષ્ટકેતુ કેદ. પાપીનો પશ્ચાતાપ અને આત્મઘાત. મહાત્મા તથા પદ્માવતીનું આવવું. પરસ્પર ઓળખાણ અને મનોજ તથા શ્રીમતીનો હસ્ત મેળાપ અને છેવટનો આનંદ.

આનંદ!!!　　આનંદ!!!　　આનંદ!!!

(સમાપ્ત.)



॥ श्री शान्तिनाथाय नमः ॥

સતી શ્રીમતી નાટકનાં ગાયનો.

મંગળાચરણ.

સુત્રધાર, બાળાઓ— ૧

ૐ શ્રી ગુરૂ ગણપતી શુભ મતી દા....તા,
વિભુ વર યાચો, શુભ મતી લે....વા....શ્રી.
સુરનો સ્હાય તું, અસુરનો નાશ તું,
સંતનો સાથ તું, દીનનો નાથ તું,
માત તું, તાત તું, ભ્રાત તું, સુધરા....શ્રી.
રક્તમાં તું, નાડીમાં તું, દ્રષ્ટીમાં તું, વાણીમાં તું,
મર્મમાં તું, કર્મમાં તું, સુખમાં તું, ઉરમાં
સ્હાય કરજો શ્રી ગુરૂ હે....વા....શ્રી.

બાળાઓ— ૨

ભક્તિ કરો પ્રેમથી ભારતના બા—ળ,
દિવ્ય અમર કાર્ય કરી જીવો ચિરકા—ળ,—ભક્તિ

સફળ કરજો અવતાર, અખંડ રહેજો નરનાર—ભક્તિ
પાપી શત્રુ લંપટના શિર ત્હમે કાપજો
શિયળ જતી સતીઓના શિયળ ત્હમે પાળજો,
જગનાથ વચન ધારી,
સ્વધર્મને સંભારી—
રેલાવી હર્ષ અંતરને ભારતનાં બા—ળ—દિવ્ય

ચંદ્રકળા— ૩

મય પાની ભરને જાઉંરે.
જાઉં મોરા રા—જ—મય.
ઘર મેરા દુર સૈંયા, ગાગર શિર ભારીરે,
પતલી કમર લચકાનીરે—મય.
ઉંડા સા કુવા સૈંયા, પાતાળ જળ પાણીરે
ભરત ભરત મય હારી,
મય હારી ઝોકા ખાઉંરે—જાઉં—મય

રામજી— ૪

પોઝીશન માં, ફરવું હગમાં, ગુલ્તાન બની રહેવું મનમાં
છળબળ કળબળથી ખાવું, પીવું, રોજે હોટેલમાં,
બસ એજ ખુશી છે ને, હા ? હા ? હા ?

દામ તણી પરવા નહિ કરતાં, મોજ ઉડાવીશું જગમાં,
ઇજ્જતને ઓશીકે મુકી, છો દુનીયા ગણતી ઠગમાં,
બસ એજ ખુબી છે ને હા ? હા ? હા ?
લઇશું સોડા, પીશું એકસો,
લાવીશું લાડી, જોઈ થઇ રાજી,
પીને તાડી, જોડીશું ગાડી,
જઇશું સ્ટેશને પછી, હા ? હા ? હા ?....દામ...પોઝીશનમાં.

સુશીલા, રામજી, ચંદ્રક— ૫

ઇશ્ક નણી છું હું સરદાર આ કેવી શોભું બ્યુટીફૂલ
બસ થઈ છું ગીરફતાર, માઈ ડાર્લીંગ યુ ફૂલ.
હીપ હીપ હુર્રરે....(૪) હા ? હા ? હા ?
ફેશનનાં લુગડાં સીવડાવું,
જાપાન તણી સાડી હું લાવું,
કહે આપી શું ત્હને રીઝાવું, માઈ ડાર્લીંગ યુ ફૂલ.
હીપ હીપ હુર્રરે....(૪) હા ? હા ? હા ?
મ્હોકાણ દવાએ શી માંડી
ટહુ થયું આ ડામા ડુલ,
બસ થયાં છે કેવા હાલ, માઈ ડાર્લીંગ યુ ફૂલ.
હીપ હીપ હુર્રરે....(૪) હા ? હા ? હા ?

મનોજકુમાર— ૬

ન મળતાં સુખ મ્હેલોમાં,
તે તો અહિં ભાસે છે,—ન મળતાં.
પ્રભુનું ભાન આપે છે,—ન મળતાં.
વાડી ખીલી ભાવે અતિ,
રહી વસંતથી મલકાઈ,
જળ સ્થળ નભ માંહિ સર્વે
રહી ફેલાઈ નવાઈ—ન મળતાં.

શ્રીમતી અને સાહેલીઓ. ૭.

પ્રેમે સખી ? સહુ આજે જઈએ પાર્વતીના દ્વા.......રે,
દર્શન કરીએ, ભવજળ તરીએ, તાપ ત્રિવિધ ટા...ળે...પ્રેમે
વિધ વિધ રંગ કુસુમની, માળ ફરો કર માંય,
ઉમીયા કંઠે આરોપતાં, કાર્ય સફળ સહુ થાય,
સહાય થજો અરજી ઉર ધારી,
સેવા કરીશું હમે નિત્ય તારી.....હાં.....રે........પ્રેમે.

શ્રીમતી સાહેલીઓ— ૮

સજની દીલ દઈએ...(૨)
પ્રેમ દઈએ, વળી લઈએ, (૨) લઈને મોહન સુખ ચ્હાઈએ,
સજની.

અસ્થાઈ ક્ષણિક લોભાવીએ,....(૨)
લોભાવીએ, લલચાવીએ, (૨) પછી વ્હાલા કહી બોલાવીએ.
(૨) સજની.

(પ્રાંય આવો, ન રીસાવો, ક્યાં જાઓ, રસ પાવો.)
(ઠીક, ઠીક, ઠીક,) એમ કહી અટળાવીએ....(૨) સજની.

પ્રિયતમ વ્હાલી થઈએ,—(૨)

પાસે જઈએ, વળી ખસીએ,
રમી રસીને પાછા વળી જઈએ.....સજની.
(પ્રાંય છબીલા, મોહ ભરીયા, કેવા ભમીયા, ઠીક હસીયા)
(ઠીક, ઠીક, ઠીક.)
પ્રેમ ધરી મનાવીએ....સજની.

શ્રીમતી અને સાહેલીઓ—૯

શાણી સજની પહેરાવ ફૂલમાળા,
અરે એ શ્યામ તાહરા.........
મધુવનની તું છે ચંપા કળી,
નંદન વનના છે એ માળી,
એમ....હાં....

ગ્રહણ કરશે એ માળી પુષ્પ તાહરાં,
થશે એ શ્યામ તાહરા....શાણી
વાગ્બાણથી હવે ના રીબાવશો,
મીઠા ચુંબનથી વ્હાલા રીઝાવશો,
હારી હું તો હવે આવી લવારીથી, જાવો મ્હને ન સતાવશો.
પ્રીતે કાન્તને પહેરાવ વરમાળા
શરમાતી નવ બાળા......શાણી.

૧૦.

શ્રીમતી, મનોજ, સાહેલીઓ.

પધારજો પંખી પરદેશી હમારા,
ઉગારજો બળતી અનંગે આ બાળા,......પધારજો.
જુદાં નથી છો પ્રાણ અંતરથી માનજો,
સુંદરી પ્રીતેથી પ્રેમ પાછો દર્શાવજો,
પ્રીતિ જેવી છે તેવી અમ પર રાખજો.
જપીશ હું તો આજથી ત્હમારી જપમા...ળા...પધારજો

ભદ્રેશ્વર. ૧૧.

મન તું શીદને ચીંતા ધરે,
કૃષ્ણને કરવું હોય તે કરે

તું અંતર ઉદ્વેગ ધરે, પણ કાર્ય કોથી નવ સરે,
જે ધણીનો ધાર્યો મનસુબો, હર બ્રહ્માથી ન ફરે-કૃષ્ણને
જેહને જેટલું નીયમીત કાળે, તે તેહને કર ઠરે,
કોઇથી ફેર પડે નહિં તેમાં, શાંને કુટી મરે-કૃષ્ણને
થાવાનું વિણ કીધે થાશે, વેદ વાણી ઉચ્ચરે,
રાખ ભરોસો શાથા વરનો, એમ "દયા" દીલ ધરે...કૃષ્ણને

નવેલી— ૧૨

હાય હવે થાકી આ ઘરડા ભરથારથી,
ઘરડા ઘુવડથી, ઘરડા ગમારથી......હાય.
મ્હેં તો જાણ્યું કે હશે છેલ છબીલો,
સળગી મરૂં છું મળ્યું ખરચર આ ત્યારથી-હાય
જુવાની જાય છે આ, જોબનના બ્હારમાં,
શરમાઇ મરૂં છું હું, આ બુઢ્ઢાના સાથથી-હાય

નવેલી, રામજી, ૧૩

રસીયા રસીક શીરતાજ, મ્હારે આંગણીએ આવો'
મદમાતી મહીલાને, જોબનના રંગે ઝુલાવો-રસીયા.
આછા આછા ઘાટ ઘડાવો, સેન્ટ લવેન્ડર બોટલ લાવો,
દેવજી માલજીને ત્યાંથી બંગડીઓની બે જોડ લોકેટ
ફાઇન મંગાવો....રસીયા

રંગ રાગ પ્રીતેથી કરશું, બેન્ડ સ્ટેન્ડ હોલાબે જઇશું
પ્યારા વ્હાલા માહુરા, પ્યારીની પુરજો આશ,
મ્હારા લાલ લટકાળા ..રસીયા

શ્રીમતી— ૧૪

જય જય સ્હાયક સહુનો શ્રી મોરા...રી,
થઇ વા'રે સ્હાય કર તું મ્હારી...જય જય.
પૂર્વ જન્મમાં પાપ શું કીધાં, સહું હું કષ્ટજ ભારી,
ભક્ત તણા છો માતા ત્રાતા, દુઃખને દોને નિવારી, જય જય.
માત તાત વ્હાલાથી વિખુટી, શાને મુઝવે ભારી,
ક્યાં મમ વૈભવ ક્યાં સુખ સીમા, ક્યાં આ
બંધન ભારી...જય જય.

અંક બીજો.

શ્રીમતી મનોજ— ૧૫

જાઓ જાઓ ના સતાવો પીયુ
પ્રીતમ અણુ પ્યારા......જાઓ.
શાણા કપટી તુમે ઠગારા...(૨) ઠગારા, ધુતારા...જાઓ.
મુગ્ધા મધુર મોહિની તું (૨) મળ્યું ઉર પ્રેમ ધરી.
બનાવી આ દાસી ઘેલી...(૨) કરી આંખના અણુસાર...જાઓ.
પ્રેમે પધારો પીયુ પાવું પ્રેમ પ્યાલો,...(૨)
કરી કામણ શું કરમાવો,...(૨)
મ્હારા પ્રેમી કામણગારા...જાઓ.

આના— ૧૬

પહેલી પ્રીતીનો લેવા પ્રસાદ
પધારો પીયુ પાતળા—પહેલી૦
કોઇ જોઇ જો જાય; મારૂં હૈયું ગભરાય; (૨)
પુરશુ પ્રીતથી પોકારે; હૃદય કેમ એ
રોકાય (૨)—પહેલી૦

મોંઘેરા મહેમાનનો; નેહુએ નવીન છે
સુંદર મમ શ્યામ તેમાં પુરણુ પ્રવીણુ છે—પ્રીતીનો

ભાના—　　　　　૧૭

વાતોને વાતોથી મનને લોભાવે;
રસીલા નયનોથી રસ ભરાવો;
પુરા પ્રવીણુ છો છેલા છબીલડા;
અજીવાહુ પ્યારી છે તું મીરી દીલભર;
મોરલીધર મારા છેલાણી છો સુખકાર;
ફાટે પણુ ફીટે નહી; જે પડી પટોળે ભાત;
ધન્ય છે એવા પ્રેમીને જેની જાત સુજાત અજીવાહુ.
—મોરલી

હે કોઇ શીખીલે પ્રેમ પંથ પ્યારો સરદાર
વ્હાલાને વ્હાલથી વધાવીને અજીવાહુ—મોરલી

ચંદ્રક, ભાના—　　　　　૧૮

મુગ્ધ બાળ મન વસેલી
સન્મુખ આવી હસ્તી ઉભી...મુગ્ધ.
નયનો મીલાવ પ્યારી,
સાંઠેતો બુદ્ધિ નાહી...મુગ્ધ

કરવા દે મ્હને અધરપાન
દુરજા દુરજા પાપી હેવાન
શાણી સલુણી તું ના અકળાવ
પાપી પીટયા ત્હને કોલેરા થાવ,
ના તરસાવ આમ તું આવ
આમ આવ, પાસ આવ, બાથ ભીડી લેતું લ્હાવ સુખ

નવેલી, રામજી, ૧૯

શ્યામ સુંદીર છે મૂર્તી ત્હુમારી.
મ્હારા હૈયાના હાર, તું છે ભામા સરદાર,
પ્યારા હાવે ને ભાવે લોભાવી આ નાર...શ્યામ.
હવે પીશું બસ પૅક, વ્હાલા ખુબ છે ખન્તનો,
પ્રેમ વ્હાલી આપો, નવેલી રંગ મ્હાણો,
માનુની શું રીઝાવો, છબીલી શું સતાવો
ઓજી ના ! ના ! ના !......
છો જીવન આધાર, તું છે મ્હારી દીલદાર,
ચાલો ચાલોજી છોગાળા,
ઓજી વાહ ! વાહ ? વાહ ?......શ્યામ.

મનોજકુમાર— ૨૦

કહેજે વાદળી વાત,
તુજ વીણુ મનોજની ગતી થઈ એ'વી,
જળ વીણુ મીન તણી થઈ જે'વી,
રહેજે સદા મન મારીને.....કહેજે.
શીરમણી વીથ વાસુકી જે'વો,
મનોજ તુજ વિણુ આ ઘડી એ'વો.
આનંદ સર્વ ઉતારીને.....કહેજે.

પદમાવતી— ૨૧

મ્હને છોડશોમાં, કોઈ છેડશોમાં.
મ્હારા દરદી દીવાના દીલને છેડશોમાં-મ્હને
હું ઝુરતી તે ઝુરવા મને દેજો રે,
ધીરજ કો દેશોમા-મારા
લલના વૈભવ સૌ સુંદીર સોહાવે,
પણુ તે વ્હાલમ વિણુ કામ ન આવે
પ્રેમ પાઠ જાણી મ્હને પાછા રીબાવે
એ'ને દીલડાની વાત કોઇ કહેશોમાં-મારા.

પદ્માવતિ, વનરાજ-- ૨૨

સ્નેહ નગીના, પરીમલ ભીના, હૃદય રમણ મ્હારા,
અખંડ અમર વૈભવ દઇ બનું તમ ચરણોની દારા—સ્નેહ
મર્મ ભરેલા વચનો ત્હારા, દુઃખ સહુ હરનારા,
આમ કહી શરમાવો શાણા, હરદમ ઠગનારા છોજી તમે—સ્નેહ
હૃદય કમળનાં સરવર જળમાં રંગરસ રમનારા
છોજી તમે રંગ રસ રમનારા.
ભ્રમર રૂપ બનુ કમળ તુજમાં તું મુજ રસ ધારા,
પ્રેમ ઝરેલા મોહન મ્હારા, પદમા ના પ્યારા છોજી
આ સ્નેહ.

જાનકડીઓ— ૨૩

કેસરીઓ જાન લાઇવો, જાન લાઇવોરે,
જાનમાં તો આઇવા શેઠીઆ, ત્હેને બેસવા આપો ટકીયા—કેસ૦
ચુલા પર દુધ ઉભરાય, નવેલી વે'વણ ગભરાય...કેસરીયો
લાડીલાના ફુંપે હીરા, ત્હેને દેખી શેકો શીરા...કેસરીયો.
જીયાવરની કોટે કંઠી, નવેલી વ્હેવણ છેકજ વંઠી...કેસરીઓ
ઘરમાં ન્હોતી ખાંડ ત્યારે, શીદ તેડાવી જાન મ્હારા
અર્થદાસ વે'વાઇ,
તમે મોકલાવી ખાંડ, ત્યારે ત્હમે તેડાવી જાન મારા
અર્થદાસ વ્હેવાઇ.

કરમાં ન્હોતી ન્હેવણ, ત્યારે શીદ બોલાઇવા આંગણુ-
મ્હારા અર્થદાસ થ્હેવાઇ.
માંડવે ન્હોતી ખુરસી, ત્યારે શીદ તેડાઇવા સુરતી-
મ્હારા અર્થદાસ ન્હેવાઇ.

અર્થદાસ, બીહારી— ૨૪

થયું છે કામ પાર, પાર, પારરે,
ચાર ગુરૂ ચેલા બનીયા...બસ.
ધર્યો વેશ જોગી તણો આતો,
પાખંડ પુરા આજે ધરીયાં...બસ.
દેશોદેશ માંહિ ફરશું, પ્રપંચો જરૂર કરશું
જાણો સરકાવીયાં...થયું છે.

શ્રીમતી— ૨૫

પીયુ પીયુ રટતી બાળ ચકોરી...(૨)
મનને તું ગભરાવે...પીયુ, પીયુ
આશા ગઇ ઉર નીંદ ન આવે...(૨)
મનને તું લલચાવે...પીયુ, પીયુ.
કોણ કરમની કહાણી કહાવે, (૨)
નાથ વિયોગ ઝુરાવે...પીયુ.

ચંદ્રકળા— ૨૬

સાવરીઆ નીદ્રલડી ત્યાગો હાં જાગો,
અબી તો પીયા ભોર ભયો—સાવરીયા.
મધુ બંસરી સુનાવી, લલચાવી લોભાવી,
કનૈયો સો ગયો
મય અકેલી ડર લાગે તનમાં
સૈયાં ઉઠો જાગો અબી તો કયા સો રહ્યા—સાવરીયા.
રાતલડી ગાળી મ્હેં તો વ્હાલા તમ કાજે,
નીદ્રા તજી થજો વ્હારે....(૨)
ફુલેલી અકેલીની છે અરજી
હવે તો કહાન જાગજો—સાવરીયા.

અંક ત્રીજો

ચંદ્રકળા—　　　　　　૨૭

અખીલ બ્રહ્માંડમાં સઘળે પ્રભુની છે ગતિ ન્યારી
પ્રભુની છે ગતિ ન્યારી, ન કોઈથી પારતે પામી...અખીલ
બની મગરૂર માનવ તો, વૃથા જગમાં ફુલાએ છે,
બધી જાહો જલાલીઆ, સદા સાથે ન થાનારી...અખીલ
હતો દશમસ્તકી રાવણ, હણાયો કામી દુર્યોધન
સતીમાં દ્રોપદી સાચી, લીધી તેં શક્તિથી તારી...અખીલ

મનોજકુમાર—　　　　　　૨૮

ક્રુર કેવી ત્હારી ગતિ છે,
　　વિધિ ત્હારી ના કળાએ—ક્રુર.
રાયને તું રંક બનાવે,
　　રંકને તું રાય.
તરણાનો મેરૂ કરે તું
　　તુજ ધાર્યું થાય—ક્રુર.

શ્રીમતી મનોજ— ૨૯

પાતળીઆ સંગે રમશું
સ્નેહે જગમાં વીચરશું
મારા મનગમતા પ્રાણેશ (૨) પાતળીઆ
અંતરપટમાં રહી છબી ત્હારી
વિસરૂં કદી નવ વ્હાલી મ્હારી
હૃદય સ્થાનમાં સ્થાપી તુજને
બનું સદા સુખકારી—પાતળીઆ
સુર્ય ઉગ્યો મમ હૃદય કમળને
તમ દર્શનથી આજ
ચીરકાળ કરી સેવા બનું તમ
કીંકરી મમ શિરતાજ—પાતળીઆ

અર્થ-રામજી-નવેલી
સુશીલા-બિહારી— ૩૦

સારી કરી, આવી કરી, ભારી કરી રામજીભાઈ
ચુપ શા ખરચર ડોકરા, એજ ખુબી છે ને
સસરાએ ધમસાણ મચાવ્યું
ઠીક થયું આજે તો આવું
લેતાં નવેલીઆ, થયાં આ હાલ, (૨)
બસ એજ ખુબી છે ને (૩)
આહા કાકી..........કેવી બાજી

આવી સારી.........મ્હારે લાડી
વાહ રામજી, વાહ રામજી, વાહ રામજી—ચુપ.

સર્વે—

૩૨.

આજ વધાવો, આજ વધાવો
આજે મંગળ ગાઓને...આજ

દુઃખ ટળી સુખ સહુ થયાં તે
વિભુ કૃપાથી આજેરે
તે પ્રભુને હરનિશ ભજીએ તો
ઉતારે ભવપારરે...આજ

સુખ દુઃખમાં નીત ભજો વિભુને
સ્નેહે તન મન અર્પીને
જીવનનું સાફલ્ય ગણીને
મંગલ કાર્ય સફળ કરજો...આજ.

આનંદ!!! આનંદ!!! આનંદ!!!

સમાપ્ત

જાહેર ખબર.

નીચેના લખેલાં પુસ્તકો શ્રીનવીન દેશી નાટક કંપની લીમીટેડનો મુકામ જ્યાં હોય ત્યાંથી રોકડી કીમતથી મંગાવી લેવાં. વેલ્યુપેબલ અથવા નોટપેડ કાગળ લેવામાં આવશે નહીં

		રૂ	આ	પા
૧	ગૌતમ-ચંદ્ર. … …	૦	૩	૦
૨	ઉજાજેલું યાને [illegible]નો ઘેરો	૦	૩	૦
૩	તારા સુંદરી… … …	૦	૩	૦
૪	શારદા. … …	૦	૩	૦
૫	લવ-કુશ… … …	૦	૨	૦
૬	મનુ-મણી. … …	૦	૩	૦
૭	લીલા… … …	૦	૩	૦
૮	શ્રી સત્યાનારાયણ … …	૦	૩	૦
૯	વસંતસેના… … …	૦	૩	૦
૧૦	આનંદ નગર ([illegible]માં)…	૦	૩	૦
૧૧	જહેરી છુરી ([illegible] જબાનમાં)…	૦	૩	૦
૧૨	સ્નેહલતા… … …	૦	૩	૦
૧૩	શકુન્તલા … …	૦	૩	૦
૧૪	નુરજહાન… … …	૦	૩	૦
૧૫	ભીષ્મ પ્રતિજ્ઞા … …	૦	૩	૦

ઘેલાભાઇ દોલતરામ દલાલ.